

# द्वादश ज्योतिर्लिङ्गानि

सौराष्ट्रे सोमनाथं च श्रीशैले मल्लिकार्जुनम् ।
उज्जयिन्यां महाकालमोङ्कारममलेश्वरम् ॥१॥

સૌરાષ્ટ્રમાં સોમનાથ અને શ્રીશૈલ પર મલ્લિકાર્જુન,
ઉજ્જૈનમાં મહાકાલ, ઓમકારેશ્વર, અમલેશ્વર...

परल्यां वैद्यनाथं च डाकिन्यां भीमशङ्करम्।
सेतुबन्धे तु रामेशं नागेशं दारुकावने ॥२॥

પરલીમાં વૈધનાથ અને ડાકિનીમાં ભીમશંકર,
સેતુબંધમાં રામેશ્વર, દારુકાવનમાં નાગેશ્વર...

वाराणस्यां तु विश्वेशं त्र्यम्बकं गौतमीतटे।
हिमालये तु केदारं घुश्मेशं च शिवालये ॥३॥


વારાણસીમાં વિશ્વેશ્વર, ગૌતમીના તટ પર ત્ર્યંબકેશ્વર,
હિમાલયમાં કેદારેશ્વર, શિવાલયમાં ઘુષ્ણેશ્વર...

एतानि ज्योतिर्लिङ्गानि सायंप्रातः पठेन्नरः।
सप्तजन्मकृतं पापं स्मरणेन विनश्यति ॥४॥

જે કોઈ પણ મનુષ્ય પ્રતિદિન પ્રભાત અને સાયંકાલમાં
આ બાર જ્યોતિર્લિંગના નામનો પાઠ કરે છે,
તો આ લિંગોના સ્મરણમાત્રથી સાત જન્મોમાં કરેલ
પાપ નષ્ટ થઈ જાય છે...

# શ્રી સોમનાથ જ્યોતિર્લિંગ

## 1



## સ્થળ :- પ્રભાસ પાટણ, ગુજરાત

- પ્રભાસ ક્ષેત્રમાં સમુદ્ર કિનારે સૌરાષ્ટ્ર ક્ષેત્રમાં આ જ્યોતિર્લિંગ સ્થિત છે.
- ચંદ્ર દેવતાએ આ લિંગની સ્થાપના કરી હતી. દ્વાદશ જ્યોતિર્લિંગ યાત્રાની શરૂઆત સોમનાથ મંદિરથી થાય છે.
- પ્રજાપતિ દક્ષે પોતાની સત્તાવીસ કન્યાઓને ચંદ્રમા સાથે પરણાવી હતી. આ બધી કન્યાઓમાં 'રોહિણી' ચંદ્રને વધુ પ્રિય હતી. એથી બીજી સ્ત્રીઓને દુઃખ થતું હતું એટલે દક્ષે ચંદ્રને શ્રાપ આપ્યો કે 'તમને ક્ષય રોગ થાઓ' ચંદ્રએ શ્રાપનું નિવારણ કરવા પ્રભાસ ક્ષેત્રમાં સમુદ્ર કિનારે ઘોર તપ કર્યું. શિવે પ્રસન્ન થઈ એને અમરત્વનું વરદાન આપ્યું. કૃષ્ણપક્ષમાં તારી કલા ક્ષીણ થતી જશે પણ શુકલપક્ષમાં એક એક કલા વધતી જશે.
- ચંદ્રનું બીજુ નામ સોમ હોવાથી શિવજી 'સોમનાથ' નામથી પ્રસિદ્ધ થયા.

# શ્રી મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ

## 2




## સ્થળ :- હૈદરાબાદ, આંધ્રપ્રદેશ

- આ જ્યોતિર્લિંગ આંધ્રપ્રદેશ કૃષ્ણા નદીને કિનારે શ્રી શૈલ પર્વત પર આવેલ છે.
- શિવ પાર્વતીએ કાર્તિકેય અને ગણેશજીને બ્રહ્માંડની પરિક્રમા કરી જે પ્રથમ આવશે તેના વિવાહ પ્રથમ કરવામાં આવશે એવું કહેતા કાર્તિકેય પોતાના વાહન મયૂર પર સવાર થઈ નીકળ્યા જ્યારે ગણેશજીએ માતા-પિતાની પ્રદક્ષિણા કરી પૂજન કરી પરિક્રમાનું પુણ્ય મેળવી લીધું.
- ગણેશજીના વિવાહ રિદ્ધિ, સિદ્ધિ સાથે થયા. સમય પર કાર્તિકેય ન પહોંચી શકયા. આની જાણ થતા કાર્તિકેય રિસાઈને કૌંચ પર્વત પર ચાલ્યા ગયા. માતા પાર્વતી કાર્તિકેયને મનાવવા ગયા તો શિવજી ત્યાં પહોંચીને જ્યોતિર્લિંગના રૂપમાં પ્રગટ થયા.
- મલ્લિકા નામના પુષ્પથી અર્ચના કરવામાં આવી. આથી 'મલ્લિકાર્જુન' નામે પ્રસિદ્ધ થયા.

# શ્રી મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ

3




## સ્થળ :- ઉજ્જૈન, મધ્યપ્રદેશ

- ક્ષિપ્રા નદીના કિનારે આવેલ ઉજ્જૈન નગરી જેને અવન્તિકા પણ કહે છે.
- ભારતની સાત પવિત્ર નગરીઓમાં ઉજ્જૈનની ગણના થાય છે. અહીં તપોનિષ્ઠ અત્યંત તેજસ્વી બ્રાહ્મણ રહેતો હતો. ત્યાં એક દિવસ દૂષણ નામનો અત્યાચારી અસુર એની તપસ્યામાં વિઘ્ન નાખવા આવ્યો એના અત્યાચારથી બધા ત્રાસી ગયા હતા.
- બ્રાહ્મણના કષ્ટને દૂર કરવા શિવજી પ્રગટ થયા. એમણે એક હુંકાર માત્રથી રાક્ષસનો નાશ કર્યો. મહાદેવજી હુંકાર સહિત પ્રગટ થયા એટલે એમનું નામ મહાકાલ પડયું અને આ જ્યોતિર્લિંગને 'મહાકાલેશ્વર' કહે છે.
- એક ગોપ બાળની ભક્તિથી પ્રસન્ન થઈ એક અત્યંત ભવ્ય અને વિશાળ સ્વર્ણ-રત્નોથી મંડિત મંદિરમાં પ્રકાશપૂર્ણ તેજસ્વી જયોતિર્લિંગ રૂપે શિવજી પ્રગટ થયા.

# શ્રી ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ

4




## સ્થળ :- ખંડવા, મધ્ય પ્રદેશ

- આ જ્યોતિર્લિંગ પવિત્ર નર્મદા નદીના કિનારા પર છે. આ સ્થળે નર્મદા નદી બે ભાગમાં વિભાજીત છે. વચમાં ટાપુ છે. આ ટાપુને માંધાતા પર્વત કે શિવપુરી કહે છે. ૐ આકારનો આ પર્વત છે.
- એક સમયે નારદ મુનિ ગિરિરાજ વિંધ્યાચળ પર ગયા. સર્વ સમૃદ્ધિ વાળો વિંધ્યાચળ અભિમાની હતો. આ જોઈ નારદમુનિએ કહ્યું તારાથી મેરૂ પર્વત ઘણો ઊંચો છે. વિંધ્યાચળે દુઃખી થઈ શિવજીની આરાધના કરી શિવને પ્રસન્ન કર્યા.
- દેવો તથા મહર્ષિઓએ ત્યાં આવી શિવજીને પ્રાર્થના કરી. હે પ્રભુ! હવે આપ આ સ્થળે સ્થિર થઈ નિવાસ કરો. શિવજી શિવલિંગમાંથી પ્રગટ થયા.
- આ જ્યોતિર્લિંગ બે ભાગમાં વહેંચાયેલું છે. 'ઓમકારેશ્વર' અને 'અમલેશ્વર' આ બંને શિવલિંગ દક્ષિણ અને ઉત્તરના કિનારે બિરાજે છે.

# શ્રી કેદારનાથ જ્યોતિર્લિંગ

## 5



## સ્થળ :- ઉત્તરાખંડ, હિમાલય

- આ જ્યોતિર્લિંગ હિમાલયની ટોચ પર કેદાર નામના શિખર પર પુણ્યમયી મંદાકિની નદીના તટ પર હરિદ્વારથી લગભગ 150 માઈલ દૂર આવેલું આ સ્થળ ચાર ધામ યાત્રાનું મુખ્ય સ્થળ છે.
- મહાતપસ્વી નર અને નારાયણે હજારો વર્ષ નિરાહાર રહી એક પગ પર ઊભા રહી ઘોર તપસ્યા કરી. શિવજી પ્રસન્ન થયા. બંને ઋષિએ વરદાન માંગ્યું કે સૌના કલ્યાણ અર્થે અત્રે નિવાસ કરો શિવજીએ પ્રસન્ન થઈ ત્યાં 'કેદારેશ્વર' જ્યોતિર્લિંગ સ્વરૂપે નિવાસ કર્યો.
- 2014 ના ભયંકર પૂર અને પ્રલયમાં પણ મંદિર અડીખમ ઊભું છે. કેદારનાથની પંચમુખી પ્રતિમા ચાર હાથ લાંબી અને દોઢ હાથ પહોળી છે. અહીં યાત્રા પ્રવાસ ફક્ત વૈશાખથી આસો માસ સુધી થઈ શકે છે. અહીં દીપકની જ્યોતમાં શિવજીના દર્શન થાય છે.

# શ્રી ભીમાશંકર જ્યોતિર્લિંગ

## 6



## સ્થળ :- પુણે, મહારાષ્ટ્ર

- ભીમેશ્વર જ્યોતિર્લિંગ મહારાષ્ટ્ર રાજ્યના મુંબઈથી પૂર્વમાં ૭૦ માઈલ દૂર સહ્યાદ્રિની પર્વતમાળામાં ભીમા નદીને કિનારે સ્થિત છે.
- પ્રાચીન સમયમાં ભીમ નામનો મહાપ્રતાપી રાક્ષસ હતો. પોતાના પિતૃઓનું વેર લેવા તે હંમેશા શ્રી હરિનો વધ કરવા વિચારતો. એણે તપ કરી બ્રહ્માજી પાસે લોકવિજયી બનવાનું વરદાન મેળવ્યું.
- કામરૂ દેશના શિવભક્ત રાજા સુદક્ષિણને જીતવા ગયો ત્યારે રાજાએ પાર્થિવલિંગ બનાવી તેના પૂજનથી શિવજીને પ્રસન્ન કર્યા હોય શિવજી ગુપ્ત રીતે રાજાનું રક્ષણ કરતા હતા.
- રાક્ષસે આવી જ્યારે શિવલિંગ પર તલવારનો ઘા કરવા પ્રયત્ન કર્યો ત્યારે શિવજીએ તલવારના બે ટુકડા કરી નાખ્યા ને બધા રાક્ષસોને બાળી નાખ્યા એટલે શિવજી ત્યાં'ભીમેશ્વર'જ્યોતિર્લિંગ નામે રહી પ્રસિધ્ધ થયા.

# શ્રી કાશી વિશ્વનાથ જ્યોતિર્લિંગ

## 7



## સ્થળ :- વારાણસી, ઉત્તર પ્રદેશ

- ભગવાન શિવજી ઉત્તરપ્રદેશના કાશી, વારાણસી કે બનારસ તરીકે ઓળખાતા નગરમાં ગંગા કિનારે 'કાશી વિશ્વનાથ' તરીકે બિરાજમાન છે.
- વર્તમાન વિશ્વની રચના આ સ્થળેથી થઈ છે. આ નગરીનો પ્રલયકાળમાં પણ લોપ થતો નથી. 'કાશીનું કરવત' પ્રસિદ્ધ લોકવાયકા છે.
- સાયુજ્ય નામની મુક્તિ આપનારી કાશી નગરીનો ઘણો મહિમા છે. અહીં સર્વ તીર્થો વસે છે. જીવોની મુક્તિ મોક્ષ માટે સ્વયં શિવજીએ જ્યોતિર્લિંગનું સ્થાપન કર્યું છે.
- આ કાશીક્ષેત્રમાં મૃત્યુ પામેલાનો પુનર્જન્મ થતો નથી.
- શિવ ભક્ત મહારાણી અહલ્યાબાઈએ નવું મંદિર બનાવ્યું છે. મંદિરના સો ફૂટ ઊંચા શિખર પર પંજાબ કેસરી મહારાણા રણજીતસિંહે સુવર્ણ કળશ બનાવ્યો છે.

# શ્રી ત્ર્યંબકેશ્વર જ્યોતિર્લિંગ

## 8




## સ્થળ :- નાસિક, મહારાષ્ટ્ર

- આ જ્યોતિર્લિંગ મહારાષ્ટ્રમાં નાસિકથી 30 કિ.મી. પશ્ચિમમાં ગોદાવરી નદીના કિનારા પર આવેલું છે.
- ગૌતમ ઋષિએ વરદાન માંગી ત્યાં ગંગાવરણ કરાવ્યું હતું તે ગૌતમી ગંગા કહેવાય છે. ગંગામૈયા પ્રગટ થયા ત્યારે દેવો વગેરે આવ્યા. ગૌતમ ઋષિએ જયાં લિંગાર્ચન કરાવ્યું તે સ્થાને ભગવાન શંકર જ્યોતિર્લિંગ સ્વરૂપે રહ્યા તે સ્થાન'ત્ર્યંબકેશ્વર' કહેવાય છે
- અહીં ભગવાનના નાના ત્રણ શિવલિંગો છે. તેથી તેને ત્ર્યંબકેશ્વર મહાદેવ કહેવામાં આવે છે.
- સિંહસ્થ ગુરૂ જ્યારે થાય છે ત્યારે અહીં કુંભનો મોટો મેળો ભરાય છે.
- મંદિરમાં શિવલિંગના સ્થાને થાળુ નથી પણ એક વિશિષ્ટ ખાડા જેવી કુદરતી રચના છે. ત્યાં અંગૂઠાથી સહેજ મોટા એવા ત્રણ લિંગના દર્શન થાય છે.

# શ્રી વૈદ્યનાથ જ્યોતિર્લિંગ

## 9




## સ્થળ :- પરલી, ઝારખંડ

- આ શિવલિંગ ઝારખંડ રાજ્યમાં સ્થિત છે.
- આની કથા લંકાના રાજા રાવણ સાથે જોડાયેલ છે.
- એકવાર રાવણે અમર થવા માટે હિમાલય ઉપર જઈને ઘોર તપસ્યા કરી અને શિવજીને પ્રસન્ન કર્યા અને શિવલિંગને સાથે લઈ જવા વરદાન માંગ્યું
- શિવજીએ શરત કરી કે જ્યોતિર્લિંગ રસ્તામાં ક્યાંય મુકશે તો ઉઠાવાશે નહિ લિંગ સ્થિર થઈ અચલ થઈ જશે. દેવતાઓને ચિંતા થઈ રાવણને શિવલિંગને લંકામાં લઈ જતા રોકવા માટે ગણેશજીએ ગોવાળનું રૂપ લીધું
- ગણેશજીની યુક્તિથી રાવણને રસ્તામાં લઘુશંકા લાગી ને શિવલિંગ ગણેશજીને સોંપ્યું ગણેશજીએ લિંગ નીચે મુકી દીધું. રાવણ લિંગ ઉપાડી શક્યો નહિ. રાવણની આંગણીઓની સૂશ્રૂષા શિવજીએ કરી જેથી આ જ્યોતિર્લિંગ 'વૈદ્યનાથ' નામથી પ્રસિદ્ધ થયું.

# શ્રી નાગેશ્વર જ્યોતિર્લિંગ

## 10




## સ્થળ :- દ્વારકા, ગુજરાત

- ગુજરાતમાં દ્વારકાપુરીથી 17 માઈલ દૂર 'નાગેશ્વર' જ્યોતિર્લિંગ ઓખા મંડળમાં ગોમતી- દ્વારકાના સમુદ્રી ક્ષેત્રમાં સ્થિત છે.
- મહાન શિવભક્ત સુપ્રિયની શિવભક્તિથી દારૂક નામનો રાક્ષસ અતિ ક્રોધિત થયો અને સુપ્રિયને કારાગારમાં પૂર્યો. સુપ્રિય ત્યાં પણ શિવભક્તિ કરતો હતો.
- સુપ્રિયનો વધ કરવા રાક્ષસ કારાગારમાં પહોંચ્યો ત્યારે શિવજી ચમકતા સિંહાસન પર બેસીને જ્યોતિર્લિંગ સ્વરૂપે પધાર્યા. સુપ્રિયને એમણે પોતાનું પાશુ પતાકા અસ્ત્ર આપ્યું. અસુરોનો સંહાર કરીને સુપ્રિય કૈલાસ ચાલ્યા ગયા. શિવ પાર્વતી ત્યાં સાક્ષાત સ્વરૂપે રહ્યા. શિવ 'નાગેશ્વર' જ્યોતિર્લિંગ તરીકે પ્રસિધ્ધ થયા.
- મંદિરના પટાંગણમાં શિવજીની 85 ફૂટ ઊંચી પ્રતિમાના દર્શન થાય છે.

# શ્રી રામેશ્વરમ જ્યોતિર્લિંગ

## 11




## સ્થળ :- રામનાથપુરમ, તમિલનાડુ

- આ જ્યોતિર્લિંગ તમિલનાડુ રાજ્યમાં રામનાડ પ્રદેશમાં રામનાથપુરમ પાસે આવેલું છે.
- શ્રી રામજીના વનવાસ સમય દરમ્યાન રાવણે માતા સીતાજીનું હરણ કર્યું. લંકા જવા માટે ભગવાન શ્રીરામે શિવજીને પ્રાર્થના કરી કે હે મહેશ્વર સંસાર સાગરથી ભક્તોને તારનારા મારે આ સમુદ્ર ઓળંગવો છે.
- રામજીએ અહીં રેતીનું પાર્થિવ લિંગ બનાવી ષોડશોપચારથી વિધિવત્ શિવનું પૂજન કર્યું અને બમ્ બમ્ ભોલેના નાદથી શિવનો જય જયકાર કર્યો. આથી શિવજી પ્રસન્ન થઈને શ્રી રામની સમક્ષ પ્રગટ થયા અને વરદાન માંગવા કહ્યું. શ્રીરામે કહ્યું આપ સર્વદા અહીં બિરાજો.
- મર્યાદા પુરૂષોત્તમ શ્રી રામચંદ્રજીએ સ્વયં પોતાના હાથેથી મહાદેવજીની સ્થાપના કરી હોવાથી 'રામેશ્વર' નામે પ્રસિદ્ધ થયા.

# શ્રી ઘૃષ્ણેશ્વર જ્યોતિર્લિંગ

## 12



## સ્થળ :- ઔરંગાબાદ, મહારાષ્ટ્ર

- આ જ્યોતિર્લિંગ મહારાષ્ટ્રમાં દૌલતાબાદથી દૂર વેરૂલગામ પાસે આવેલુ છે.
- સુધર્મા નામના તપોનિષ્ટ બ્રાહ્મણની પત્ની સુદેહાને સંતાન ન હોવાથી એણે આગ્રહપૂર્વક સુધર્માના લગ્ન એની નાની બહેન ઘૃષ્મા સાથે કરાવ્યા. ઘૃષ્માને સંતાન પ્રાપ્તિ થઈ. ઘૃષ્મા અત્યંત વિનમ્ર હતી પણ સુદેહાને હવે ઈર્ષ્યા થઈ ઘૃષ્માના પુત્રને મારી નાંખીને એણે રાત્રે જે તળાવમાં ઘૃષ્મા પાર્થિવલિંગ પધરાવતી હતી તેમાં નાંખી દીધો.
- ઘૃષ્મા હંમેશની જેમ પાર્થિવલિંગ બનાવીને તળાવે ગઈ. એનો પુત્ર સામે આવ્યો. મહાદેવજીએ પ્રસન્ન થઈને ઘૃષ્માને વરદાન માંગવા કહ્યું. ઘૃષ્માએ મહાદેવજી પાસે વરદાન માંગ્યું કે આપ આ સંસારમાં લોકોનું કલ્યાણ કરવા અહીં નિવાસ કરો. શિવજી જ્યોતિર્લિંગ સ્વરૂપે બિરાજ્યા અને 'ઘૃષ્ણેશ્વર' નામથી પ્રસિદ્ધ થયા.